# || काव्यप्रकाशः ||

## द्वितीय उल्लासः 1-7 कारिका

# कारिका -1

स्याद्वाचको लाक्षणिकः शब्दोऽत्र व्यंञ्जकस्त्रिधा ।

वाच्यादयस्तदर्थोः स्युः तात्पर्यर्थोऽपि केषुचित् ।।

- અહીં શબ્દ ત્રણ પ્રકારના છે: વાચક ,લાક્ષણિક અને વ્યંજક. વાચ્ય વગેરે તેના અર્થો છે.( વાચક લક્ષ્યક અને વ્યંગ્ય.) કેટલાકના મતે તાત્પર્યાર્થ પણ છે.

1 અભિહિતાન્વયવાદી- કુમારીલ ભટ્ટ અને તેના અનુયાયીઓ

1. આકાંક્ષા

2. યોગ્યતા

3.સન્નિધિ

# અન્વિતાભિધાનવાદી

- પ્રભાકર ભટ્ટ
- વાચ્યાર્થ એ જ વાક્યાર્થ

# કારિકા 2

सर्वेषां प्रायशोऽर्थानांव्यञ्जकत्वमपीष्यते।।2 अ।।

મોટાભાગે બધા અર્થોનું વ્યંજકત્વ પણ માન્ય કરવામાં આવે છે.

- વાચક શબ્દ - વાચ્યાર્થ આપે છે.
- प्रायशो - ઘણું ખરું કરીને
- અહીં મમ્મટ એટલો જ નિર્દેશ કરે છે કે અર્થો પોતપોતાના સ્વરૂપ ઉપરાંત વ્યંજક પણ બની શકે છે. તેથી
- આ વાચ્યાર્થ પણ અન્ય વ્યંગ્ય અર્થનો વ્યંજક બને

# વાચ્યાર્થનું વ્યંજકત્વનું ઉદાહરણ

तत्र वाच्यस्य यथा—

मातर्गृहोपकरणमद्य खलु नास्तीति साधितं त्वया ।
तद्भण किं करणीयमेवमेव न वासरः स्थायी ॥१॥

अत्र स्वैरविहारार्थिनीति व्यज्यते ।

હે માતા, આજે ખરેખર ઘરની વસ્તુઓ ખલાસ થઈ ગઈ છે એમ તેં કહ્યું હતું. તો કહે, શું કરવાનું છે. દિવસ આ જ રીતે (આપણા માટે) ઊભો નહિ રહે.

# 1. લક્ષ્યાર્થનું વ્યંજકત્વ

लक्ष्यस्य यथा—

साधयन्ती सखि सुभगं क्षणे क्षणे दूनासि मत्कृते ।
सद्भावस्नेहकरणीयसदृशकं तावद्विरचितं त्वया ॥२॥

હે સખી, પેલા ભાગ્યશાળીને સાધતા તેં મારા માટે વારંવાર દુઃખ વેઠ્યું છે. તેં તો સદ્ભાવ અને સ્નેહથી જે કરવા લાયક હતું તે જ કર્યું છે.

# વ્યંગ્યાર્થનું વ્યંજકત્વ

पश्य निश्चलनिष्पन्दा बिसिनीपत्रे राजते बलाका ।
निर्मलमरकतभाजनपरिस्थिता शंखशुक्तिरिव ।। ३ ।।

જો, નિર્મળ મરકતમણિના પાત્રમાં રહેલી શંખની છીપની જેમ કમલપત્ર ઉપર સ્થિર અને નિષ્પન્દ (હલન ચલન વગરની) બગલી શોભી રહી છે.

- साक्षात्सङ्केतितं योऽर्थमभिधत्ते स वाचकः॥2॥
- જે સાક્ષાત્ સંકેતિત અર્થને પ્રકટ કરે તે વાચક શબ્દ છે.
  - અથવા
  - વાચક શબ્દ સીધેસીધો જે અર્થ આપે છે એને આપણે સંકેત તરીકે ઓળખાએ છીએ.
- જો વાચક શબ્દ કોઈ વ્યવધાન કે આડકતરી રીતે અર્થ આપે તો તે લક્ષક કે લાક્ષણિક બની જાય છે. જેમ કે વટ નો અર્થ વડલો થાય છે.પણ ઘણા બધા વડલા ઉપરથી વડોદરા શહેરનું નામ પડ્યું હોય તો તે તેનો સીધો અર્થ નથી એનો ગ્રામવાચક અર્થ લેવા આપણે લક્ષણાનો આશ્રય લેવો પડે છે.આમ વાચક શબ્દ સીધેસીધો અર્થ આપે છે.

# કારિકા 3 અ

संङ्केतितश्चतुर्भेदो जात्यादिर्जातिरेव वा।

સંકેતિત અર્થ જાતિ વગેરે ચાર પ્રકારનો અથવા ફક્ત જાતિ એ એક જ પ્રકારનો છે.

સંકેતનો સંબંધ કોની સોથે છે તે વિષે ભારતીય દર્શનિકોમાં જુદાજુદા મતો પ્રવર્તે છે. જેને સંકેત વિષયક વિવિધ મતો તરીકે ઓળખવામાં આવે છે.

# સંકેત વિષયક વિવિધ મતો

1 વ્યક્તિવાદ - નવ્ય નૈયાયિકો

2 જાત્યાદિવાદ - વૈયાકરણો

3 જાતિવાદ - મીમાંસકો

4 જાતિવિશિષ્ટ વ્યક્તિવાદ - પ્રાચીન નૈયાયિકો

5 અપોહવાદ - બૌદ્ધો

# 1 વ્યક્તિવાદ - નવ્ય નૈયાયિકો

- નવ્યનૈયાયિકો સંકેત વ્યક્તિમાં માને છે.
- મમ્મટ આ મતમાં ત્રણ દોષ બતાવે છે.
  - 1 આનન્ત્ય
  - 2 વ્યભિચાર
  - 3 વિષયવિભાગની અપ્રાપ્તિ

# જાત્યાદિવાદ (વૈયાકરણિઓ)

ઉપાધિ - ગુણધર્મ (ચતુર્વિધ)

ઉદાહરણ --- गौः शुक्लश्चलो डित्थः।

વસ્તુધર્મ

વક્તૃયદૃચ્છાસંનિવેશિત

(1) સિદ્ધ

(2) સાધ્ય (ક્રિયા)

(સંજ્ઞારૂપ / દ્રવ્યરૂપ)

- चलो डित्थः

(1)પ્રાણપ્રદ (2) વિશેષાધાનહેતુ

जातिः गौः गुणः शुक्लः

# જાત્યાદિવાદ